જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૩/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૫૮૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૩૪	૦	૧૧૩૩૪	૧૭૪૫૪	૦	૧૭૪૫૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૨	૭૨	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૦૯૧૫	૧૧૮	૩૧૦૩૩	૩૨૨૯૪	૧૩૦	૩૨૪૨૪
કુલ		૪૭૦૨૪	૧૨૦	૪૭૧૪૪	૫૬૨૫૪	૧૩૦	૫૬૩૮૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૪	૨,૩૧,૬૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૭	૪,૬૭,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાના આરોપીઓને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ શ્રી એ.**જે.ચૌહાણ** સાહેબ નાઓની સુચના આધારે ઇન્વે સ્કોર્ડ ના અ.હેડ.કોન્સ હિતેશકુમાર જેસંગભાઇ બ.નં.૬૯૩૭ તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં બનેલ મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ ક.૧૫/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા ક.૧૫/૪૫ વાગે ઠક્કરનગર વેરા પાસેથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ રજનીકાંત શંકરલાલ નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **બે ઇસમો કે જેમાં એક ઇસમે શરીરે આછો મંહેદી કલરનો શર્ટ તથા વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે તથા તેની સાથેના બીજા ઇસમે શરીરે લાલ કલરની ટી શર્ટ તથા કાળા કલરનુ પેન્ટ પહેરેલ છે તે બન્ને ઇસમો ચાલતા ચાલતા ખભે એલ્યુમિનિયમની પાઈપો ઉંચી કરી કાવ્યા રેસીડેન્સી થી ઠક્કરનગર કેનાલ થઈને વેરા બાજુથી નીકળી ઉત્તમનગર બાજુ જનાર છે અને તેઓએ આ એલ્યુમિનિયમની પાઈપોની ચોરી કરેલ હોય અને આ બાબતે અત્રે ના કૃષ્ણનગર પો.સ્ટે પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૩૧૪/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯,મુજબનો ગુનો દાખલ થયેલ હોય જે મુદ્દામાલ સદર ગુન્હાના કામે ચોરી ગયેલ મુદ્દામાલ છે** " જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ વોચમાં રહી બે આરોપીઓને ઠક્કરનગર વેરા પાસે એલ્યુનિનીયમ ની પંદર ફુટ લાંબી સેકશન ની છ પાઇપો ની એક ભારી કિ.રૂ.૭,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડી પાડી સદરી બાબતે ખાત્રી કરતા **કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ.એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૦૩૧૪/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબ** થી ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હાના કામે બન્ને આરોપીઓને તા.૨૯/૦૩/૨૦૨૧ ના ક.૧૭/૩૦ વાગે અટક કરી ચોરી નો ગુન્હો ડિટેકટ કરી નહી મળી આવેલ એક આરોપી મૌલિક રાજભાઇ સીતાપરા રહે,અંબીકા ચોક ઠક્કરનગર અમદાવાદ શહેર નાની તપાસ જારી રાખી **સારી કામગીરી** કરેલ છે તા.૩૦/૦૩/૨૦૨૧

આરોપીઓનું નામ:-

(૧) જય સ/ઓ ભરતભાઇ છગનભાઇ જાતે ગઢીયા ઉ.વ.૨૨ ધંધો.નોકરી રહે,મ.નં-સી/૦૩, મનહરનગર વિભાગ-૦૨ લીલા નગરની પાસે ખોડીયારનગરની સામે નિકોલ અમદાવાદ શહેર મૂળ વતન ગામ-ભંડારીયા જીલ્લો-અમરેલી તથા નં-(૨)નિરવ સ/ઓ નારણભાઇ ગંગાદાસભાઇ જાતે પટેલ ઉ.વ.૨૦ ધંધો.બેકાર રહે,મ.નં-એ/૦૨,મહેશનગર સોસાયટી ઉત્તમનગર નિકોલ ગામ રોડ અમદાવાદ શહેર મૂળ વતન ગામ-જાત્રુડા તા.લીલીયા જીલ્લો-અમરેલી

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

અ.હેડ.કોન્સ હિતેશકુમાર જેસંગભાઇ બ.નં.૬૯૩૭ તથા અ.પો.કોન્સ રજનીકાંત શંકરલાલ બ.નં-૪૯૨૮ તથા લોકરક્ષક કિસ્મતસિંહ કનુસિંહ બ.નં-૧૧૫૧૬ બીજા સાથેના માણસો



પેટ્રોલિંગ દરમ્યાન ઇંગ્લીશ દારૂનો જથ્થો બિનવારસી હાલતમાં મળી આવવા બાબત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

પ્રોહીબીશનનો ગણનાપાત્ર ક્વોલીટી કેસ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ **કે.એન.વાઘેલા** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી/જુગારની પ્રવૃત્તી ની શોધ-ખોળ સારૂ તથા કોરાના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે સારૂ તા.૨૯/૦૩/૨૦૨૧ ના રોજ રાતના ક.૨૩/૦૦ થી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા તા.૩૦/૦૩/૨૦૨૧ ના ક.૦૩/૦૫ વાગે જી.ડી.ત્રણ રસ્તા પાસે આવતા સાથેના લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **જી.ડી.ત્રણ રસ્તા પાસે આવેલ મહાત્મા ગાંધી ફીઝીયોથેરાપી સેન્ટરથી જી.ડી.સ્કુલ તરફ જવાની ગલીમાં રોડની બાજુમાં કેટલોક ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો બિનવારસી હાલતમાં પડી રહેલ છે** " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ કે.એન.વાઘેલા નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રવાના થયેલ ઉપરોકત હકિકત મુજબ સદરી જગ્યાએ રેઇડ કરી સદરી જગ્યાએથી કોઇ અજાણ્યો ઇસમ(નમુદ નથી તે)આરોપી એ સદરી જગ્યાએ બિનવારસી હાલતમાં ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો McDowells no-01 SUPERIOR WHISHKY FOR SALE IN HARIYANA ONLY 75" બ્રાન્ડ ની ૭૫૦ M.L.બોટલો નંગ-૨૪ તથા ૧૮૦ M.L.ક્વાર્ટર નંગ-૧૪૪ મળી કુલ્લે નંગ-૧૬૮ કુલ્લે કિ.રૂ.૩૩,૬૦૦/-નો મુદ્દામાલ બિનવારસી હાલતમાં મુકી નાશી ગયેલ હોય જે બાબતે ક.૦૩/૩૦ વાગે પ્રોહીબીશન નો **ગણનાપાત્ર ક્વોલીટી** કેશ સોધી કાઢી વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૩૦/૦૩/૨૦૨૧

આરોપીનુ નામ:- નમુદ નથી તે

મુદ્દામાલ :- **ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો જથ્થો McDowells no-01 SUPERIOR WHISHKY FOR SALE IN HARIYANA ONLY 75" બ્રાન્ડ ની ૭૫૦ M.L.બોટલો નંગ-૨૪ તથા ૧૮૦ M.L.ક્વાર્ટર નંગ-૧૪૪ મળી કુલ્લે નંગ-૧૬૮ કુલ્લે કિ.રૂ.૩૩,૬૦૦/-નો મુદ્દામાલ**

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ શ્રી કે.એન.વાઘેલા તથા ફરિયાદ આપનાર લોકરક્ષક વિક્રમસિંહ મહેન્દ્રસિંહ બ.નં-૧૦૯૫ તથા અ.હેડ.કોન્સ દિનેશકુમાર જીવાજી બ.નં-૮૧૮૧ તથા અ.પો.કોન્સ જયરાજસિંહ નરેન્દ્રસિંહ બ.ન.૧૦૪૦૨ તથા હિતેષકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૦૪ તથા બીજા સ્ટાફના માણસો

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૮૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૩ કેસ કરી, ૮૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ, ૨૦૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૯૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭,૨૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૫૮૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૫૮૭/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ શકુન્તલા ડો/ઓ મલ્લસિંધ ચૌધરી (ઉ.વ.૨૮) (રહે. સુપ્રભાત એપાર્ટમેન્ટ શિવમ ડેરીની બાજુમાં ગુલાબ ટાવર રોડ થલતેજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨૮/૦૩/૨૦૨૧ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર (૧) ૯૧૧૩૪૮૬૭૭૦,૦૯૬૮૬૯૯૦૪૬ અને ૦૯૦૦૪૬૭૬૭૮૨ ના ધારકે ચેનકેન પ્રકારે શકુન્તલા ચૌધરીના બેંક એકાઉન્ટ, ડેબીટકાર્ડ તથા પીન નંબરની હકીકત મેળવી લઈ કુલ રૂપિયા ૯૫,૮૮૮/- ઓનલાઈન ટ્રાન્જેકશન કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.જાડેજા ચલાવે છે.

રખિયાલઃ લીનાબહેન સુનીલભાઇ ક્રીશ્ચન (ઉ.વ.૪૦) (રહે. સુરધાર સોસાયટી રામીની ચાલી સામે રખિયાલ) એ ૨૯/૦૩/૨૦૨૧ ના રોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૧૫/૦૬/૨૦૧૭ ના રોજ ઈકબાલભાઇ ખત્રી (રહે. રાજપીપળા) તથા અન્ય બે વ્યક્તિઓને ભેગા મળી લીનાબહેનને નોકરી અપાવવાની લાલચ આપી ખોટા કોલ લેટર આપી વિશ્વાસમાં લઈ રૂપિયા ૬,૫૦,૦૦૦/- મેળવી લઈ, નોકરી નહી અપાવી તેમજ નાણાં આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.હળવદીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી